**ટેલેન્ટપુલ સ્કુલ વાઉચર યોજના અંતર્ગત વિદ્યાર્થી તેમજ સંસ્થાના ધારા ધોરણો નિયત કરવા સમિતિની રચના કરવા બાબત.**

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,

ઠરાવ ક્રમાંકઃ- **SJED/ACT/e-file/17/2024/0087/G**

સચિવાલય, ગાંધીનગર

તારીખઃ-**18/06/2024**

વંચાણે લીધા :-

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૭/૦૮/૨૦૧૪નો ઠરાવ ક્રમાંક: અજાક/૧૦૧૪/ન.બા-૯૯/ગ

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૭/૦૮/૨૦૧૪નો ઠરાવ ક્રમાંક: સશપ/ ૨૦૧૪/**NB**-૧૭૫/અ-૧

(3) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૨૫/૦૭/૨૦૦૮નો ઠરાવ ક્રમાંક : અનશ/૨૦૦૭/ન.બા-3/ગ

(૪) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૦૮/૦૫/૨૦૧૩નો ઠરાવ ક્રમાંક: શક્ષણ/૨૦૧૨/૧૧૨૭/ન.બા-૧૫/ગ

(૫) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણનો તા.૨૮/૧૨/૨૦૨૩નો પત્ર ક્રમાંક : અજાક/ગ-૧/૯/૨૦૨૩-૨૪/૫૧૭૨-૭૩

આમુખ-

વંચાણે લીધેલ ક્રમાંક: (૧) અને (૨) પરના આ વિભાગના ઠરાવોથી અનુસૂચિત જાતિ કલ્યાણ પ્રભાગ અને વિકસતી જાતિ કલ્યાણ પ્રભાગ દ્વારા અનુક્રમે અનુસૂચિત જાતિ તેમજ વિચરતી અને વિમુક્ત જાતિના વિદ્યાર્થીઓને ઉત્તમ કક્ષાના આવાસિય વિદ્યાલયમાં સર્વશ્રેષ્ઠ શિક્ષણ મળે તે માટે "ટેલેન્ટ પુલનું નિર્માણ" યોજના અમલમાં મુકવામાં આવેલ છે. આ વિભાગની યોજનાનું અમલીકરણ આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા નિયત કરવામાં આવેલા ધારાધોરણો મુજબ કરવાનુ ઠરાવવામાં આવેલ છે. આદિજાતિ વિકાસ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક : (૩) અને (૪) ના ઠરાવોથી નિયત કરવામાં આવેલા વિદ્યાર્થીની પાત્રતા, શાળા પસંદગીના ધોરણો તેમજ શૈક્ષણિક સુવિધાઓ અંગેના ધોરણો અનુસાર નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ પ્રભાગ હસ્તકની યોજનાનું અમલીકરણ કરવામાં આવે છે.

વંચાણે લીધેલ ક્રમાંક: (૫) પરના પત્રથી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ દ્વારા આ યોજના હેઠળ શાળાઓને ત્રણ વર્ષ માટે એમ્પેનલ કરવા સંસ્થાઓ પાસેથી અરજીઓ મેળવવાની જાહેરાત આપવાની મંજૂરી આપવા દરખાસ્ત કરવામાં આવેલ છે. આ યોજનાનું અમલીકરણ વંચાણે લીધેલ ક્રમાંક : (3) અને (૪) પરના અનુક્રમે તા.૨૫/૦૭/૨૦૦૮ અને તા.૦૮/૦૫/૨૦૧૩માં નક્કી કરવામાં આવેલ

Sign
Signed by: VASAVA DHARMISHTHABEN D
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 18-Jun-2024 (04:48 PM)

O/C
18/06/2024

ધારાધોરણો મુજબ કરવામાં આવે છે. છેલ્લા ઘણા વર્ષોથી શિક્ષણ ક્ષેત્રે ઘણા ફેરફાર થયેલ છે તેમજ રાજ્ય સરકાર અને કેંદ્ર સરકાર દ્વારા શિક્ષણ અને વિદ્યાર્થીઓની ગુણવત્તામાં સુધારા માટે સમયાંતરે દિશા-નિર્દેશ આપેલ છે.

આ યોજના અંતર્ગત પછાત વર્ગના હોંશિયાર વિધાર્થીઓને ઉત્તમ ગુણવત્તાવાળી આવાસી શાળાઓમાં સર્વશ્રેષ્ઠ શિક્ષણ મળી રહે અને યોજનાનો હેતુ પરીપૂર્ણ થઈ શકે તે માટે વિદ્યાર્થી અને શાળા પસંદગીના ધોરણો પણ અદ્યતન કરવામાં આવે તે જરુરી છે. જે ધ્યાને લઈ આ વિભાગ હસ્તકની કાર્યરત "ટેલેન્ટ પુલનું નિર્માણ" યોજનાના ધારા-ધોરણો નક્કી કરવા સમિતિની રચના કરવાની બાબત વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવ</u> :-

કાળજીપૂર્વકની વિચારણાના અંતે આ વિભાગની નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ તેમજ વિકસતી જાતિ કલ્યાણ હસ્તકની ટેલેન્ટપુલ યોજના અંતર્ગત વિદ્યાર્થીઓ અને શાળા પસંદગીના ધોરણો નક્કી કરવા માટે નીચે મુજબની સમિતિની રચના કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

| | | |
|---|---|---|
| ૧. | નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ | અધ્યક્ષ |
| ૨ | નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ | સભ્ય |
| ૩. | નિયામકશ્રી, સમાજ સુરક્ષા - | સભ્ય |
| ૪. | સંયુક્ત સચિવશ્રી, વિકસતી જાતિ કલ્યાણ | સભ્ય |
| ૫. | નાયબ સચિવશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ - | સભ્ય |
| ૬. | સંયુક્ત નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ | સભ્ય સચિવ |
| ૭. | સંયુક્ત નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ | સભ્ય |

આ ઠરાવ વિભાગની સમાન ક્રમાંકની ફાઇલ પર અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા)ની તા.૧૪/૦૬/૨૦૨૪ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

eSign
Signed by: VASAVA DHARMISHTHABEN D
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 18-Jun-2024 (04:48 PM)

( ધર્મિષ્ઠા વસાવા )
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

<u>નકલ રવાના:</u>

- માન.મંત્રીશ્રી(સા.ન્યા.અ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા)ના અંગત મદદનીશશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર

- નિયામકશ્રી,અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સંયુક્ત સચિવશ્રી(વિજાક), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી(અજાક), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગર.
- સંયુક્ત નિયામકશ્રી(વિજાક), ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સંયુક્ત નિયામકશ્રી(અજાક), ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટ જનરલ અમદાવાદ / રાજકોટ
- સેક્શન અધિકારીશ્રી(કોમ્પ્યુટર સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,સચિવાલય, ગાંધીનગર તરફ આ ઠરાવ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ.
- સેકશન અધિકારીશ્રી (અ-૧ શાખા) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ. સચિવાલય, ગાંધીનગર
- સિલેક્ટ ફાઈલ- ૨૦૨૪

Sign
Signed by: VASAVA DHARMISHTHABEN D
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 18-Jun-2024 (04:48 PM)